ગાંધીનગરથી વડાગામ સુધીની ગુડઝ રેલવે પંથકની પ્રાથમિકતા બની છે

કવોરી ઉદ્યોગ ધમધમી ઉઠશે, અબજો રૂપિયાના ઈંધણનો બચાવ થશે

ગાંધીનગર, તા.૮

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશને વિકાસના પંથે લઈ જઈ વિશ્વમાં અવ્વલ નંબરની જે ભાવના વ્યકત કરી છે તેમાં વિકાસ એ નીચલા ક્રમથી શરુ કરી ઉપલા ક્રમ સુધી જાય તે સર્વત્ર વિકાસને પામે છે. સાબરકાંઠા જિલ્લાનો વર્ષોથી ચાલતો કવોરી ઉદ્યોગ હવે રેલવે ઝંખી રહ્યો છે. ગાંધીનગરથી વડાગામ સુધી જો ગુડઝ રેલવે શરૂ કરાય તો આ જિલ્લો ઉદ્યોગ ક્ષેત્રે ભવ્ય સફળતા પ્રાપ્ત કરી શકે છે. દૈનિક હજારો ટ્રકો ગાંધીનગર તરફ કપચી સપ્લાય કરે છે તેનું અબજો રૂપિયાનું ઈંધણ બચી શકે છે અને મુસાફરીના પર્યાયનો સુખદ ઉદય પણ થઈ શકે છે. આમ આ પંથકની આ પ્રમાણેની ગુડઝ રેલવે પ્રાથમિકતા બની ગઈ છે.

વડાપ્રધાનનો રેલવે પ્રત્યેનો અભિગમ સ્પષ્ટ તારણ આપે છે કે છેવાડાનો નાગરિક પણ રેલવેથી વંચિત ન રહે. જેમાં સાબરકાંઠાનો વડાગામ પંથક કવોરી ઉદ્યોગથી રાજયમાં પ્રચલિત છે અને અહીંથી સમગ્ર રાજયમાં કપચી ટ્રકો મારફતે પહોંચાડાય છે. સૌથી વધુ અમદાવાદ અને ગાંધીનગર તરફ કપચી સપ્લાય થઈ રહી છે. આ ઉદ્યોગમાં નવા પ્રાણ ફુંકવા ગુડઝ રેલવે સંજોગોની જરુરિયાત બની છે. દૈનિક બે હજારથી વધુ ટ્રકો ગાંધીનગર-અમદાવાદ તરફ આવ-જા કરે છે જેમાં લાખ્ખોનું ઈંધણ વપરાય છે. ગુડઝ રેલવેની કેપેસીટી વધુ હોવાથી દૈનિક બે હજાર ટ્રકનો માલ સપ્લાય થઈ શકે છે જેથી વાર્ષિક અબજો રૂપિયાના આંધણનો સીધો બચાવ થઈ શકે છે. સાથે મુસાફરી માટે તરસતી પ્રજાને મુસાફરીનો પર્યાય પ્રાપ્ત થઈ શકે છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનનો પણ વિકાસ થઈ ત્રણ જિલ્લાને સાંકળતી રેલવેનો લાભ મળતા વર્ષો જુના પ્રશ્નો હલ થઈ જશે અને ગાંધીનગર ટ્રાન્સપોર્ટેશન માટેનું હબ બની અહીંથી જ સર્વત્ર માલ સપ્લાય થવાના સંજોગો ઉભા કરી શકાય છે. માલભાડાની આવક, ઈંધણનો બચાવ, સમયનો બચાવ અને ગ્રાહકોને ફાયદો આ તમામ બાબતો અર્થતંત્રને મજબુતી આપશે. આમ વડાગામ-ગાંધીનગરને જોડતી રેલવે લાઈન પંથકની પ્રથમ જરૂરિયાત બની છે અને વડાપ્રધાનના વિકાસના સુત્રને વેગ પુરો પાડશે તે નિર્વિવાદીત બાબત હોવાનું લાગી રહ્યું છે.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરામાં છેલ્લા ઘણા સમયથી વાહનોની સંખ્યા વધતા જાહેર માર્ગો પર સર્કલો પર દરરોજ ટ્રાફિક જામની ભારે સમસ્યા વધી રહી છે. પરિણામે વાહન ચાલકો સાથે રાહદારીઓ પરેશાન થઈ ઉઠ્યા છે.

વડાગામ અગ્રણી હરીભાઈ પટેલનું દુઃખદ અવસાન

વડાગામ, તા. ૮

ધનસુરા નજીક આવેલ

વડાગામના અગ્રણી અને કચ્છ કડવા પાટીદાર સમાજના ઉપક્રમે હરીભાઈ સવજીભાઈ પટેલનું દુઃખદ અવસાન થવા પામ્યું હતું. હરીભાઈના અકાળે મૃત્યુ થતા પરિવારજનો અને ગ્રામજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી જવા પામી હતી. વડાગામના સેવાભાવી હરીભાઈ પટેલે સમાજના તમામ વર્ગોની સેવા કરતા નામના છોડી ગયા છે. કચ્છ કડવા પાટીદારના પ્રમુખ સહિત અન્ય સમાજના સ્થાનિક વેપારીઓએ રોજગાર બંધ પાળી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

તલોદમાં શાકભાજીના ભાવમાં ભડકો

તલોદ, તા. ૮

ચોમાસુ વરસાદ વિલંબ છતા છેલ્લા કેટલાક દિવસોમાં વધેલા મોંઘવારીના કારણે સામાન્ય મજુરીયા, મધ્યમ વર્ગની કમર તુટી ગઈ છે. ઘર ચલાવવાના ખર્ચમાં અસહ્ય વધારો થવાથી એક તરફ ગૃહિણીઓ પરેશાન છે. તો ઘરનો મોભી ગણાતો પુરૂષ વર્ગ બે છેડા મેળવવા રાત-દિવસ એક કરી રહ્યો છે. રોજ બરોજના વપરાશમાં લેવાતા શાકભાજીના ભાવ આસમાને પહોંચવા લાગ્યા છે. તો દૂધના વધેલા ભાવથી ચા કડવી થઈ ગઈ છે. જ્યારે અનાજ કઠોળના ભાવમાં થઈ રહેલો ઉત્તરોત્તર વધારો યથાવત રહે છે. તો મધ્યમ વર્ગને જીવવું દોહ્યલુ થઈ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે નૈઋત્યનું ચોમાસુ દેશભરમાં સક્રિય થયુ નથી. પરિણામે શાકભાજીના દૂધના ભાવમાં ઉછાળો આવ્યો છે. શાકભાજીના છુટકબજારમાં ભાવમાં રોજ-બરોજ ઉછાળો આવ્યો છે. છુટક બજારમાં ડુંગળી ૧ કિલોના રૂ. ૪૦ થઈ ગયા છે. આમ ડુંગળી બટાકાનાં ભાવમાં પાછલા દસ દિવસમાં ૫ થી ૧૦ રૂપિયાનો ઉછાળો નોંધાયો છે.

આ ઉપરાંત લગભગ તમામ શાકભાજીના ભાવ ૫ થી ૧૦ રૂપિયા સુધી વધી જતા ગૃહિણીઓના રસોડાના બજેટ પર માઠી અસર થઈ છે. માત્ર શાકભાજી નહીં દૂધ, તેલ તથા અન્ય આનુષંગિક ચિજવસ્તુઓના ભાવ વધવાથી સૌ કોઈ પરેશાન છે. એક તરફ મેઘરાજા રિસાયા છે. બીજી તરફ ઈરાક ગૃહ યુદ્ધ તથા આતંરરાષ્ટ્રિય સ્તરે પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઉછાળો આવવાથી અહિયાં પણ તેની અસર વર્તાવાની શક્યતાઓ છે. સરકારે રેલવે નુર દર તથા ભાડામાં વધારો કરવાની વાત કરી છે.

તેને કારણે વેપારીઓએ કાંદા-બટાકાના ભાવમાં કુત્રિમ વધારો કરી દિધો છે. અત્યારે જે રીતે ભાવ-વધારો થઈ રહ્યો છે તેની પાછળ વેપારીઓની સંગ્રાહખોર-કાળઆ બજારિયાઓની ઉઘાડી લૂંટ જવાબદાર છે. સંગ્રાહખોરો પોતાની સિન્ડિકેટ રચીને પૂરવઠો દાબીને કૃત્રિમ ભાવ વધારો કરી રહ્યા હોવાની વાત કેન્દ્રના ધ્યાન પર આવતા તેમણે કાળઆ બજારીયાઓને સાણસામાં લેવા માટે આદેશ આપ્યો છે.

આગામી દિવસોમાં રાજ્ય સરકાર કાળા બજારિયા પર તુટી પડે તેવી શક્યતા છે. અલબત્ત વધતી જતી મોંઘવારીને કાબુમાં લેવા માટે કેન્દ્ર સરકાર હજુ સફળ થઈ નથી. પરંતુ નજીકના દિવસોમાં મોદી સરકાર કંઈક પગલા લેશે તેમ મનાય છે. 'અચ્છે દિન આને વાલે હૈ' તેવુ કહેનાર મોદી સાથે અનેક પડકારો સર્જાયા છે.

દરમ્યાનમાં ડુંગળી જથ્થાબંધ અને છુટક વેચાણના ભાવોમાં જોવા મળેલ ધરખમ તફાવતને જોતા કેન્દ્રએ તમામ રાજ્યોને ડુંગળીના સંગ્રાહખોરો સામે કડક પગલા લેવા સુચના આપી છે.

ચાલુ વર્ષથી ચોમાસુ નબળુ રહેવાની સંભાવના વચ્ચે કુલ ૨૨ આવશ્યક ખાદ્ય સામગ્રીઓના ભાવો પર કેન્દ્ર ચાંપતી નજર રાખી રહ્યું છે.

આ સામગ્રીઓમાં ડુંગળી, બટેટા, દૂધ, કઠોળ અને બીન બાસમતી ચોખા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

જુલાઈ મહિનામાં ડુંગળીના ભાવમાં ફરી ભાવવધારો જોવા મળી શકે છે. કારણ કે રાજસ્થાન અને નાસિકથી આવનારો પુરવઠો ઓછો થશે માટે ડુંગળી-બટાટાની અછત સર્જાઈ શકે છે.

સી.પી.એડ.ના તાલીમાર્થીઓના આંદોલનમાં ધનસુરાના વિદ્યાર્થીઓ પણ જોડાયા

ધનસુરા, તા.૮

પ્રાથમિક શાળાઓમાં શિક્ષકની ભરતી પ્રક્રિયામાં સી.પી.એડના ઉમેદવારોને અન્યાય થતા આ અન્યાય સામે સી.પી.એડ.ના વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં ધનસુરા સહિત અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શિક્ષક ભરતી પ્રક્રિયામાં શારીરિક શિક્ષણ સીપીએડ તાલીમાર્થીઓને વારંવાર થતા અન્યાયનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે. ૨૦૦૯થી પ્રાથમિક શાળાઓમાં સી.પી.એડ. શિક્ષકની જગ્યા હોવા છતા તાલીમાર્થીઓની ભરતી કરાતી નથી જયારે હાલમાં પી.ટી.સી.ની જાહેરાત આવી તેના પહેલા પણ પીટીસી ટેટ-૧ની પરીક્ષા થઈ હતી અને બીજીવાર પણ પરીક્ષાના ફોર્મ ભરવાની કવાયત શરુ થઈ છે પણ સી.પી.એડ.ની જાહેરાત આવતી નથી. પીટીસી કોર્ષની જેમ સીપીએડ પણ બે વર્ષનો કોર્ષ છે. પણ ગુજરાત સરકારનું ઓરમાયું વર્તન બેકારોની આશા પર સતત પાણી ફેરવે છે. જેને લઈ રાજયભરના સી.પી.એડ.ના વિદ્યાર્થીઓએ ગાંધીનગરમાં મુખ્યમંત્રીને મળી આવેદનપત્ર આપ્યું હતું. જેમાં ધનસુરા સહિત અનેક વિસ્તારના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

શેલ્બી હોસ્પિટલ્સને આઈએમએ મેડઅચીવર્સનો પ્રતિષ્ઠિત ઈનોવેશન અને રિસર્ચ એવોર્ડ

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનન દ્વારા શેલ્બી હોસ્પિટલ્સની ઈનોવેશન અને રિસર્ચ પ્રત્યેની સમર્પિત પ્રતિબદ્ધતાને કારણે ઈનોવેશન અને રિસર્ચનો એવોર્ડ એનાયત કર્યો છે તાજેતરમાંજ આ એવોર્ડ દિલ્હીના તાજ પેલેસ હોટલમાં આયોજિત ભવ્ય સમારંભમાં ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણના કેન્દ્રીય મંત્રી ડૉ. હર્ષવર્ધને શેલ્બી હોસ્પિટલ્સને સુપ્રત કર્યો હતો. આ સમારંભમાં શેલ્બી હોસ્પિટલ્સના સી.ઈ.ઓ. શ્રી રવિ ભંડારી અને ઈન્ટરનેશનલ બિઝનેસના ડિરેકટર શ્રી શનય શાહે આ પ્રતિષ્ઠિત એવોર્ડ ભારતભરમાંથી ઉપસ્થિત ૧૫૦૦થી વધુ તબીબી વ્યવસાયિકો સમક્ષ સ્વીકાર્યો હતો. આઈએમએ એ

૫૦૦થી વધુ અરજીઓ મેળવી હતી જેમાંથી શેલ્બીને રિસર્ચ અને ઈનોવેશન માટે એવોર્ડ મળ્યો હતો. હેલ્થકેરના ક્ષેત્રમાં આઈએમએ મેડએચીવર્સ.કોમ એવોર્ડનો સમાવેશ સૌથી વધુ ગણનાપાત્ર એવોર્ડસમાં થાય છે.

આ યાદગાર ક્ષણે શેલ્બી હોસ્પિટલ્સના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર ડૉ. વિક્રમ શાહે જણાવ્યું હતું કે શેલ્બી હોસ્પિટલ્સે પોતાની તબીબી ઉત્કૃષ્ટતાને કારણે આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. અમારી કાર્ય ફિલસૂફીમાં ઈનોવેશન અને રિસર્ચ પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. જેથી દર્દીને યોગ્ય દરે અદ્યતન સારવાર ઉલબ્ધ બને. આઈએમએ દ્વારા પ્રાપ્ત થયેલ સન્માને શેલ્બીની પ્રતિબદ્ધતાને વધુ પ્રબળ બનાવી છે.

અમદાવાદના આંગણે પુનઃ 'આપણો કવિતા વારસો' યોજાશે

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા એક અંતરાલ પછી 'આપણો કવિતાનો વારસો' જાળવી રાખવા માટે પુનઃ એક વખત કવિતા વારસાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૨ જુલાઈ શનિવાર સાંજે ૭.૦૦ વાગે. રા.વિ. પાઠક સભાગૃહ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમમાં ઉષા ઉપાધ્યાય કવિ પરિચય કરાવશે. રાજેશ વ્યાસ 'મિસ્કીન' કાવ્ય પઠન કરશે. ઉપસ્થિત મહાનુભાવોનું આભાર દર્શન પ્રફુલ્લ રાવલ કરશે.

શબ્દાવલી - ૫૪૪૧



આડી ચાવી

૧. સુંદર આંખોવાળી (૪)
૩. વેપલો, ધંધો (૩)
૫. એક ફુલછોડ જેની સુગંધ રાત્રે ખુબ જ આવે (૪)
૭. ગમે તે નહિં તેવું, વિશેષ(૨)
૯. બળતરા, દ્વઝ (૩)
૧૦. હોબાળો, ખોટો અવાજ કરવો(૩)
૧૨. ટી, એકપીણું (૧)
૧૩. કાબુમાં કરવું, ... કરવું(૨)
૧૪. કિંમત, મૂલ્ય (૨)
૧૬. જાળવણી (૩)
૧૭. અંત, કિનારે ઉતારવું... કરાવવું (૨)
૧૮. ફેલ, અસફળ (૩)
૨૦. જન્મ-મરણ વગેરેથી પાળવામાં આવતી આભડછેટ(૩)
૨૧. ઉચાળા ભરી જણાવે, બેસણું (૪)

ઊભી ચાવી

૧. એક સુંદર, પક્ષી (૪)
૨. નાખુશ, દુભાયેલું (૨)
૩. ઉજ્જડ, નિર્જન (૩)
૪. જળ (૨)
૬. તળિયું, એક તેલીબિયા(૨)
૮. ધન, ધર્માંધ (૪)
૧૧. પ્રજ્જવલિત ઝળહળ પ્રકાશિત (૩)
૧૪. પાઉ અને શાકની બનેલ એક વાનગી (૪)
૧૫. તેરમાના દિવસે કરાતી વિધિ (૪)
૧૬. જડ જેવું, સજ્જડ (૩)
૧૯. ધૂર્ત, પાખંડી (૨)

શબ્દાવલી ૫૪૪૦ના જવાબ

આડી ચાવી :- (૧) હિંમત (૩) ધડમૂળ (૫) કદડો (૭) કોહરામ (૯) કુવડ (૧૦) વરદાન (૧૨) ગાન (૧૩) રસમ (૧૭) લખેસરી (૧૮) વીતરાગ (૧૯) કોમન

ઊભી ચાવી :- (૧) હિંચકો (૨) તકરાર (૩) ધડો (૪) મૂલવણી (૬) દમદાર (૮) હવન (૧૧) નસલ (૧૨) ગાજવીજ (૧૪) મખેહેમ (૧૫) તારીફ (૧૬) વૈરાગ્ય

છ નવી ટ્રેન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ અપેક્ષા આજે સાચી સાબિત થઈ હતી. ગુજરાતને જે ટ્રેનો મળી છે તેમાં અમદાવાદ-પટણા એક્સપ્રેસનો સમાવેશ થાય છે. રાજકોટ-રેવા એક્સપ્રેસનો પણ સમાવેશ થાય છે. મુંબઈ પાલિતાણા એક્સપ્રેસ પણ ગુજરાતને આપવામાં આવી છે. મોદીના મતવિસ્તાર વારાણસીના આવરી લેતા શહેર માટે પણ અમદાવાદથી સીધી ટ્રેન શરૂ કરવામાં આવી છે.

વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પુરવઠા યોજના કલોલની રૂ. ૮૬૯.૦૭ ના ખર્ચવાળી મંજૂર કરેલ છે. હાલ આ યોજનાનું કાર્ય પ્રગતિ હેઠળ હોવાનું પણ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● રિસર્વેની કામગીરી

ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરીએ રીસર્વેની કામગીરી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં તમામ તાલુકામાં જમીન માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે. ગાંધીનગર જિલ્લામાં ૧-૧-૧૧થી આ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ગૃહમાં ભારે ધાંધલ ધમાલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અધ્યક્ષ વજુભાઈની ચિમકી પછી પણ કોંગ્રેસના સભ્યોએ પાટલીઓ થપથપાવીને સુત્રોચ્ચાર ચાલુ રાખ્યો હતો. ત્યારે કોંગ્રેસના દંડક રાજપુતને અધ્યક્ષ રાજુભાઈએ કહ્યું હતું કે મારી પાસેથી શંકરસિંહની ધરપકડની માહિતી આપશે એટલે હું ગૃહમાં જાહેરાત કરીશ તેમને તાત્કાલિક છોડવાનું કહ્યું છે, માટે દંડકને કહું છું કે તમારા કોંગ્રેસના સભ્યોએ કહ્યું કે સુત્રોચ્ચાર બંધ કરે નહીં તો મારે પગલા લેવાની ફરજ પડશે મારે વારંવાર વિનંતી કરવી ના પડે.

દંડક રાજપુતે દલીલ કરતાં અધ્યક્ષ વજુભાઈએ જણાવ્યું હતું કે, વિપક્ષના નેતાની ધરપકડ થઈ એમાં નવું શું છે ? અમે પણ આ જ ધંધા કર્યા છે. ગુન્હો થતો હોય તો બધાને પકડી જાય અને દિલ્હી વિરોધ કરવા ગયા હતા ત્યારે રાજયની મંત્રીએ ભેગા આવ્યા હતા. તેમને પણ પોલીસે પકડી લીધા હતા. તમે કાયદાનો ભંગ કરો અને ન્યાય માંગતા જ વાત કરો એવું ના હોય. મારે ગૃહમાં કોઈ ખોટો પ્રીસીડન્ટ પાડવો નથી. આંદોલન થાય ગોળીબાર થાય તો પણ ગૃહમાં પ્રશ્નોત્તરી પછીનો મુદ્દો ઉપસ્થિત કરી શકાય. મારી પાસે વિપક્ષના નેતાની ધરપકડની પુરી માહિતી આવશે પછી જ મારે જે કહેવું છે તે કહીશ તે પણ પ્રશ્નોત્તરી પછી જ મુદ્દો ઉપસ્થિત કરવા મંજુરી આપીશ. અધ્યક્ષના આ જવાબથી કોંગ્રેસના બે સભ્યો જોઈતાભાઈ પટેલ અને કમસીભાઈ કોળી પટેલ વેલમાં આવીને સ્પીકરની બેઠક સામે ઉભા રહી ગયા હતા ત્યારે અધ્યક્ષે કોંગ્રેસના દંડક બલવંતસિંહ સિવાય તમામ સભ્યોને બહાર કાઢવાની ફરીથી ચેતવણી આપતા દંડક બલવંતસિંહ પોતાની બેઠક ઉપર બેસી ગયા હતા અને વેલમાં આવેલા કોંગ્રેસના બંને સભ્યો જોઈતાભાઈ અને કમસીભાઈ પણ પોતાની બેઠક પર જઈને બેસી જતા અને કોંગ્રેસના સભ્યોએ સુત્રોચ્ચાર બંધ કરતા ૨૬ મિનિટ જેટલો સમય ગૃહમાં કોંગ્રેસ સભ્યોના સુત્રોચ્ચાર શોરબકોર પછી ગૃહમાં પ્રશ્નોત્તરીની કાર્યવાહી હાથ કરવામાં આવી હતી.

ગાંધીનગરને અન્યાય

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પાટણ, મહેસાણા, આબુ રોડ ઉપરાંત દેશના અન્ય શહેરો સાથે જોડતી ટ્રેઈનો ફાળવવા પ્રબળ માંગ ઠવા પામી હતી. બીજી તરફ આ મામલે મહેસાણાના સાંસદ જયશ્રીબેન પટેલ દ્વારા પણ કેપિટલ સ્ટેશનના વિકાસ માટે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. જયારે રેલવેના પ્રશ્નોને લઈ વર્ષોથી થોકબંધ રજુઆતો કરતા શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ દ્વારા પણ રેલ્વે બજેટને અનુલક્ષી ગાંધીનગરને ન્યાય મળે તે અંગે રેલ્વે મંત્રીને પત્ર પણ લખવામાં આવ્યો હતો. થોડા દિવસો અગાઉ મુંબઈ સ્થિત વેસ્ટર્ન રેલ્વે હેડ ક્વાટર્સના ઉચ્ચ અધિકારીઓએ આજે કેપિટલ રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન અધિકારીઓએ રેલ્વે સ્ટેશનની સ્થિતિ અંગે યોગ્ય અભ્યાસ કર્યો હતો. આ ઉપરાંત મુસાફરોને મળતી સુવિધાઓ સહીત અન્ય વિગતો પણ તપાસી હતી. જેના પરિણામે ગાંધીનગર સ્ટેશન માટે આગામી રેલ બજેટના અંતે ટૂંકમાં સારા સમાચાર મળશે તેવી આશા વધુ પ્રબળ બની હતી. આ તબક્કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પણ કેપિટલ સ્ટેશનને પાટનગર સમકક્ષ સુવિધાઓ પૂરી પાડવા અને સૌરાષ્ટ્ર વિસ્તાર તરફ જતી ટ્રેનોને વાયા ગાંધીનગર દોડાવવા પણ રજૂઆત થઈ હતી. અગાઉના રેલ્વે બજેટોમાં પણ એકાદ મેમુ-ડેમુ ટ્રેન સિવાય ગાંધીનગર સ્ટેશનના ફાળે કાઈ આવ્યું ન હતું. ત્યારે આ વખતે અનેક અપેક્ષાઓના અંતે રેલ્વે બજેટ બાદ ગાંધીનગર સ્ટેશનના પોકેટમાં કાઈ આવ્યું નથી.

બુલેટ ટ્રેન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત પ્રવર્તમાન રેલવે લાઈન ઉપર હાઈસ્પીડ ટ્રેન દોડાવવાની પણ જાહેરાત કરી હતી. આ ટ્રેનોની ગતિ ૧૬૦થી ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. રાજધાની અને શતાબ્દી જેવી ટ્રેનોમાં વાઈફાઈ જેવી સુવિધા અપાશે. પોસ્ટ ઓફિસમાંથી રેલવે ટીકીટ ઉપલબ્ધ કરાવવાની પણ જાહેરાત કરાઈ હતી. ઉપરાંત ધાર્મિક સ્થળો માટે ખાસ ટ્રેનોની જાહેરાત કરાઈ છે. ટ્રેનોમાં આરો મારફતે પાણી ઉપલબ્ધ કરાવાશે. યાત્રીઓની સુવિધા વધારવા માટે શ્રેણીબદ્ધ જાહેરાતો કરાઈ છે. રેલવે મંત્રીએ ૨૭ એક્સપ્રેસ, પાંચ નવી પ્રીમિયમ, પાંચ નવી જનસાધારણ, આઠ નવી પેસેન્જર ટ્રેનોની જાહેરાત કરી હતી. કેદારનાથ-બદરીનાથને રેલવે લાઈનથી જોડવાની પણ જાહેરાત કરાઈ છે. રેલવેની સ્થિતીને સુધારાવા અને રેલવેને વધારે લોકલક્ષી બનાવવાના હેતુથી આજે શ્રેણીબદ્ધ જાહેરાતો કરવામાં આવી હતી. રેલવે બજેટ પહેલા જ યાત્રી ભાડામાં ૧૪.૨ ટકાનો કમરતોડ વધારો ઝીંકી દીધા બાદ રેલવે મંત્રી દ્વારા આજે યાત્રી ભાડા અને નૂરના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નહતો. ચાલતી ટ્રેનમાંથી પડવાના લીધે મોતને રોકવાના હેતુસર પણ કેટલાક પગલા લેવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ રેલવેમંત્રી મલ્લિકાર્જુન ખગડેએ વચગાળાનું રેલવે બજેટ ૧૨મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કર્યું હતું જેમાં ૧.૬૫ લાખ કરોડના મહેસુલી ટાર્ગેટની વાત કરાઈ હતી જે પૈકી ચીજવસ્તુઓમાંથી ૧.૦૬ લાખ કરોડ અને યાત્રી ભાડામાંથી ૪૫૨૫૫ કરોડ ઉભા કરવાની વાત કરાઈ હતી.

રેલવે બજેટમાં ગૌડાએ ૨૭ એક્સપ્રેસ ટ્રેનો, પાંચ નવી જનસાધારણ એક્સપ્રેસ ટ્રેનો, પાંચ નવી પ્રિમિયમ ટ્રેનો, પાંચ નવી ડેમુ ટ્રેનો પણ ચલાવવાની જાહેરાત કરી હતી. મુંબઈને બે વર્ષમાં ૮૬૪ ઈએમયુ આપવાની પણ જાહેરાત કરી હતી. એ-૧ શ્રેણીની ટ્રેનોમાં વાઈ-ફાઈની સુવિધા આપવાની પણ જાહેરાત કરાઈ છે. રેલવે આગામી પાંચ વર્ષમાં તમામ કામ કોમ્પ્યુટરરાઈઝ્ડ કરવા ઈચ્છુક છે. ટ્રેનોને જરૂર કરતા વધુ સ્ટેશનો ઉપર ન રોકવામાં આવે તે દિશામાં પગલા લેવામાં આવશે. નવી લાઈનો માટે ૧૮ સર્વેની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. એમએમએસ મારફતે પણ ટ્રેનમાં ભોજનની વ્યવસ્થા થઈ શકશે. રેલવે સ્ટેશન ઉપર તમામને દેખાઈ તે રીતે ડિઝિટલ રિઝર્વેશન ચાર્ટ બનાવવામાં આવશે. કુલ નવ માર્ગો ઉપર હાઈસ્પીડ ટ્રેન દોડાવવાની યોજના છે. રાજધાની અને શતાબ્દીમાં વાઈ-ફાઈની સુવિધા મુકવામાં આવશે. રેલવે બજેટમાં ૧૦ મોટા સ્ટેશનોને ખાનગી ભાગીદારી મારફતે એરપોર્ટની જેમ વિકસિત કરવામાં આવશે અને તેમને આંતરરાષ્ટ્રીય સ્તરના સ્ટેશન બનાવવામાં આવશે. ૪૦૦૦ મહિલા કોન્સ્ટેબલોની ભરતી કરવાની તથા આરપીએફમાં ૧૭૦૦૦ પુરુષોની ભરતી કરવાની પણ ગૌડાએ જાહેરાત કરી હતી. ગૌડાએ કહ્યું હતું કે, રેલવેની આવકને વધારવા માટે વિશેષ પાર્સલ ટ્રેનો દોડાવવામાં આવશે. આના માટે અલગ સ્ટેશન પણ બનાવવામાં આવશે. શાકભાજી અને ફળ-ફળાદી બગડી ન જાય તે માટે તાપમાનને અંકુશમાં રાખે તેવા વેરહાઉસ બનાવવામાં આવશે.

બજેટ ભાષણમાં ગૌડાએ કહ્યું હતું કે, લોકોને પોસ્ટ ઓફિસ મારફતે પણ ટિકિટ મળી શકશે. ઈન્ટરનેટ ટિકિટ વ્યવસ્થાને વધુ વ્યવસ્થિત કરવામાં આવશે. ઈન્ટરનેટ મારફતે પ્લેટફોર્મ ટિકિટ ઉપલબ્ધ થશે. અનરિઝર્વ ટિકિટ પણ ઈન્ટરનેટ મારફતે મળી શકશે. ગૌડાએ રેલવે યુનિવર્સિટીની સ્થાપના કરવાની પણ વાત કરી હતી. ઉપરાંત ટ્રેનોમાં બ્રાન્ડેડ કંપનીઓના ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. બ્રાન્ડેડ કંપનીઓના ભોજનની તબક્કાવારરીતે શરૂઆત થશે. ટ્રેનોમાં આરો મારફતે શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવશે. ગૌડાએ કહ્યું હતું કે, ૫૦ મુખ્ય સ્ટેશનો ઉપર સાફસફાઈની કામગીરીને ખાનગી હાથોમાં સોંપવામાં આવશે અને સાફસફાઈની કામગીરી ઉપર સીસીટીવી મારફતે નજર રાખવામાં આવશે. હેલ્પલાઈનની પણ શરૂઆત કરવામાં આવશે. યાત્રીઓની તકલીફ ઘટે તે માટે ખાસ પગલા લેવામાં આવશે. ગૌડાએ યાત્રી લક્ષી સુવિધાઓની જાહેરાત કરતા કહ્યું હતું કે, ટ્રેન અને સ્ટેશનો ઉપર વિશેષ સુવિધાનો મુખ્ય હેતુ રહેલો છે. પ્રથમ રેલવે બજેટ રજૂ કરતા તેમણે કહ્યું હતું કે, ઓનલાઈન બુકિંગ માટેનું નેટવર્ક વધારવાની જરૂર છે.

પ્રસંગસર... ● બીજા પાનાનું ચાલુ

જાહેરજીવનના ક્ષેત્રમાં પોતાની કીર્તિના ટેકે ઉભા કરવા કે આગળ લાવવા સહેજ પણ પ્રયાસ કર્યા નથી.

દાદાસાહેબ જેવા જ બીજા એક વીરપુરૂષ એટલે વલ્લભભાઈના વડેરા વિઠ્ઠલભાઈ પટેલ. આફત સામે તથા સત્ય અને ન્યાય માટે ઝઝૂમવાની તેમની શક્તિના દર્શન કરવા ગુજરાતના યુવાનોએ તેમનું પ્રેરણાદાયક જીવન ચરિત્ર વાંચવા જેવું છે. બ્રિટીશ શાસનકાળમાં મોર્લી-મિન્ટો સુધારાના કારણે ચંટાયેલાં સભ્યોનો ધારાસભાના પ્રવેશનો માર્ગ સરળ બન્યો હતો. વિઠ્ઠલભાઈનો ધારાસભા પ્રવેશ એક ઐતિહાસિક ઘટના હતી. જો કે વિદેશી સરકારે એ બાબતની પુરી તકેદારી રાખેલી કે ચૂંટાયેલા સભ્યો આ માળખામાં વિશેષ અસરકારક ન બની શકે. પરંતુ આ પડકાર વીઠ્ઠલભાઈએ ઝીલ્યો અને થોડા જ સમયમાં સમાજને અને સરકારને તેની પ્રતીતિ થવા લાગી. ધારાસભાના નિયમો અને કાર્યપદ્ધતિને સંપૂર્ણપણએ આત્મસાત કરીને ચરોતરના આ વીર પુરૂષે બ્રિટીશ સત્તાને બરાબર હંફાવી. ધારાસભામાં પ્રશ્નો પૂછીને, ઠરાવો લાવીને પ્રજાના પ્રશ્નોને વાચા આપી. વિગતોની ચોકસાઈ તથા છટાદાર દલીલોને કારણે તેમના લોકહિતના પ્રશ્નો અંગે ઉપેક્ષા કરવાનું સરકારને અઘરું પડતું હતું તેમની દીર્ઘદૃષ્ટિને કારણે પ્રાથમિક શિક્ષણનો વ્યાપ સરકાર વધારે તેવો ખરડો તે જમાનામાં લાવ્યા અને પસાર કરાવી શક્યા. પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓ જેમાં આયુર્વેદ તથા યુનાની પદ્ધતિનો સમાવેશ થાય છે તે કાયદાથી અટકાવવાનો સરકારનો પ્રયાસ તેમને નિષ્ફળ બનાવ્યો. મુંબઈ ધારાસભાનો તેમનો આ અનુભવ તેમને દિલ્હીની ઈમ્પીરીયલ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય તરીકે પણ ઉપયોગી થયો. ત્યાં પણ તેઓ પ્રથમ કક્ષાના સાંસદ - પાર્લામેન્ટેરિયન પુરવાર થયા. તેમની આ ક્ષમતાના કારણે જ તેઓ સંસદના પ્રમુખ (સ્પીકર) તરીકે ગૃહના બધા સભ્યોના ટેકાથી ચૂંટાયા. ભારતમાં સંસદ સંચાલનની જયારે કોઈ પ્રદ્ધતિ - પ્રણાલિકા નહતા ત્યારે તેમને નવી કેડિઓ અંકિત કરી. નિષ્પક્ષ અને વસ્તુલક્ષી વલણને કારણે સભ્યોમાં પણ ખૂબ લોકપ્રિય રહ્યાં. સંસદને તેમજ